# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# SAKHI SAMVAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ ક્ષેત્રોના સ્વ-સહાય જૂથ, સેલ્ફ હેલ્પ ગ્રુપની નારીશક્તિ સાથે આજે "સખી સંવાદ" યોજ્યો હતો.. ગાંધીનગરના મહાત્મા મંદિર માં આયોજિત આ કાર્યક્રમમાં ગ્રામીણ બહેનોના સામાજિક ઉત્થાનથી તેમનું જીવન ધોરણ ઊંચું લાવવાના પ્રયાસના ભાગરૂપે આ કાર્યક્રમ યોજાયો હતો

રાજ્યભરના ૨૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથની સભ્ય એવી ગ્રામીણ નારીશક્તિને કુલ ૩૫૦ કરોડ રૂપિયાના લાભ વિતરણ કરાયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ ગ્રામીણ નારીશક્તિ સાથે સીધો સંવાદ સાધ્યો હતો..

તેમણે કહ્યું હતું કે રાજ્યની મહિલાઓના અથાક પરિશ્રમ અને દ્રઢ સંકલ્પ શક્તિને કારણે આજે મહિલાઓ આત્મનિર્ભર અને સક્ષમ બની છે. તેમણે કહ્યું હતુંકે મહિલા આર્થિક સ્વાવલંબન તરફ ગુજરાત અગ્રેસર છે..

આ કાર્યક્રમમા ઉપસ્થિત મહિલાઓએ પણ મુખ્યમંત્રી સમક્ષ પોતાના અનુભવો વર્ણવ્યાં હતાં..

સખી સંવાદમાં સહભાગી થયેલી ૩૩ જિલ્લાઓની બહેનો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના સ્ટોલ્સ પણ આ "સખી સંવાદ" કાર્યક્રમ સ્થળે ઉભા કરાયા હતા..

. . . . . . . . . . . . . . . .

# CHOMASU

રાજ્યના કુલ ૧૬૯ તાલુકામાં ગત ૨૪ કલાક દરમિયાન સાર્વત્રિક વરસાદ વરસ્યો  છે. જેમાં પાટણ તાલુકામાં પાંચ ઇંચ અને સરસ્વતી તાલુકામાં ચાર ઇંચ જેટલો વરસાદ પડ્યો છે.જ્યારે ઉત્તર ગુજરાતમાં મહેસાણાના વિસનગર તાલુકામાં ચાર ઇંચ, જોટાણા, ખેરાલુ, મહેસાણા મળીને કુલ ત્રણ તાલુકામાં ત્રણ –ત્રણ ઇંચ વરસાદ નોંધાયો છે. ભાવનગર જિલ્લાના ઘોઘામાં  એક ઇંચ વરસાદ થયો હોવાના અહેવાલ છે. જ્યારે ભાવનગર શહેરમાં વરસાદી ઝાપટા વરસ્યા હતા.

આ ઉપરાંત બેચરાજી, રાધનપુર, સાંતલપુર, લખાણી, માંડવી-કચ્છ, ચાણસ્મા, અંજાર, સિદ્ધપુર, વડનગર,  દેત્રોજ- રામપુરા, ઉમરપાડા, હારીજ, ખંભાળિયા, ભચાઉ અને સતલાસણા મળીને કુલ ૧૫ તાલુકામાં બે – બે ઇંચ વરસાદ વરસ્યોછે.

રાજ્યના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર દ્વારા મળેલા અહેવાલો મુજબ સવારે ૬ કલાકની સ્થિતિએ રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૦ ટકાથી વધુ નોંધાયો છે. જ્યારે, કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૮૪ ટકાથી વધુ અને ત્યારબાદ સૌરાષ્ટ્ર ઝોનમાં ૭૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં ૬૯ ટકાથી વધુ, ઉત્તર ગુજરાત માં ૪૩ ટકા તેમજ પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૪૨ ટકાથી વધુ મોસમનો કુલ સરેરાશ વરસાદ થયો છે.

દરમિયાન રાજ્યમાં આજે સવારથી વરસાદનું જોર ઘટ્યું છે.. આજે સવારના છથી બપોરના બે વાગ્યા સુધીમાં 47 તાલુકાઓમાં સામાન્ય

વરસાદ નોંધાયો છે. જેમાં વલસાડના કપરાડા અને કચ્છના ગાંધીધામમાં 16-16 મિલીમીટર વરસાદ વરસ્યો છે..

------------------

## MEHSANA-CHANDIPURA

મહેસાણામાં ચાંદીપુરા વાઇરસનો વધુ એક શંકાસ્પદ કેસ નોંધાયો છે. ખેરાલુ તાલુકાના મેકુબપૂરા ગામની 12 વર્ષની બાળકીને ચાંદીપુરાના લક્ષણ જણાતાં વડનગરની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઇ હતી. આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લઈને ટેસ્ટીંગ માટે મોકલવામાં આવ્યું છે. જિલ્લામાં ચાંદીપુરા વાઇરસના 8 શંકાસ્પદ કેસ જોવા મળ્યા હતા. તેમાંથી 4 પોઝીટીવ તો 3 નેગેટિવ કેસ નોંધાયા છે. એક કેસ પેન્ડિગ છે. 2 બાળકોના મોત પણ થયા છે. 2 બાળકોને હોસ્પિટલમાંથી રજા પણ અપાઈ છે.

----------------

## JAHERNAMU

અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા આજથી આગામી 14મી ઓગષ્ટ સુધી હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે. જેમાં તિક્ષ્ણ હથિયારો,

સ્ફોટક પદાર્થો સહિતના ઇજા કરી શકે તેવા અઢી ઇંચથી વધુ મોટા હથિયારો રાખવા ઉપર પ્રતિબંધ લાદી દેવાયો છે. આ જાહેરનામાઓનો ભંગ કરનારા સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

આ સાથે આગામી ગણેશ ઉત્સવને લઇને પણ અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગણેશ ઉત્સવ દરમિયાન રાખવાની તકેદારી અને કેટલાંક પ્રતિબંધો પણ જાહેર કરાયા છે..

.................

## surat children rescued

સુરત ક્રાઇમ બ્રાન્ચ, મહિલા સેલ અને વિવિધ પોલીસ મથકોની શી ટીમ તથા સર્વેલેન્સ સ્ટાફ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાં તપાસ હાથ ધરીને  ભીખ માંગતા  અને કચરો વીણવા સહિતની પ્રવૃતિઓ સાથે સંકળાયેલા સગીર વયના 38 બાળકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. જેમાં 17 સગીર વયના બાળકો અને 21 બાળકીઓનો સમાવેશ થાય છે. 38 બાળકોમાં 6 વર્ષ સુધીના વયના 7 અને 12 વર્ષ સુધીની વયના 31 બાળકોનો સમાવેશ થાય  છે.

રેસક્યું કરેલા બાળકો પૈકી  બિહારના 10 અને મહારાષ્ટ્ર ના 5 બાળકો છે. રેસ્ક્યુ કરાયેલા  બાળકોમાં માતા પિતા સાથે કુલ 33 બાળકો

જ્યારે 4 બાળક અનાથ અને 1 બાળક અન્ય વ્યક્તિ સાથે મળી આવ્યા છે.

સુરત પોલીસ દ્વારા આ બાળકોને પુનઃવસન માટે જુવેનાઇલ જસ્ટિસ એક્ટ અને કાયદાકીય જોગવાઈઓ હેઠળ ચાઇલ્ડ વેલ્ફેર કમિટીને સોંપવાની કામગીરી કરવામાં આવી છે.

-------------------------

## SOMNATH SHRAVAN MAS

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવને શ્રાવણ માસના 30 દિવસ સુધી વિવિધ શૃંગારો સાથે પૂજા-અર્ચના કરવામાં આવશે. ભગવાન સોમનાથને દરરોજ જુદા જુદા શૃંગારથી સજાવાશે. પાંચ ઓગસ્ટ પ્રથમ સોમવાર થી 3 સપ્ટેમ્બર સુધી ના સોમવાર સુધી વિશેષ શૃંગાર કરવામાં આવશે.. પ્રથમ દિવસે બિલ્વપત્ર દર્શન, બીજા દિવસે કેસરી પુષ્પ દર્શન, તેવીજ રીતે ગણપતિ દર્શન, નાગ દર્શન-લાલ પુષ્પ સહિતના વિવિધ શૃંગારની સાથેસાથે અન્નકુટ દર્શનથી ભગવાન સોમનાથ મહાદેવ ને સુશોભીત કરાશે.

-----------------